

# વાર્ષિક અહેવાલ ૨૦૧૬-૧૭




કૃષિધન

## કૃષિધન પ્રોડયુસર કંપની લિ.

Reg. No. U01110GJ2005PTC046316

# કૃષિધન પ્રોડ્યુસર કંપની લિ.ની શાખાઓ

સરનામું: C/O, ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર, ગવર્મેન્ટ ટ્યૂબવેલ પાસે, બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮
સંપર્ક: (૦૨૭૧૭) ૨૩૫૯૯૪, ૨૩૫૯૯૫
Email: dkvpcl@gmail.com; Website: dsc@dscindia.org

**વડનગર** : કૃષિધન એગ્રો સેન્ટર, સ્પાન કોમ્પ્લેક્ષ-૧૮, એસ.ટી. બસ સ્ટેન્ડની પાછળ, કમાલપુર રોડ, વડનગર, જિ.મહેસાણા.
**સંપર્ક: શ્રી રણજીત ઠાકોર (મો.૯૬૦૧૨૮૧૧૫૯)**

**હિંમતનગર** : કૃષિધન એગ્રો સેન્ટર, જી/બી-૫, ન્યુ દુર્ગા બજાર, પાવન ટ્રાન્સપોર્ટની સામે, હિંમતનગર, જિ.સાબરકાંઠા.
**સંપર્ક: શ્રી મનોજ પટેલ (મો.૯૬૦૧૨૮૧૧૨૬)**

**સિક્કા** : કૃષિધન એગ્રો સેન્ટર, સિક્કા ચોકડી, તા.ધનસુરા, જિ.અરાવલી.
**સંપર્ક: શ્રી હરેશ કોસીયાણીયા (મો.૯૬૦૧૨૮૧૪૨૫)**

**મેઘરજ** : કૃષિધન એગ્રો સેન્ટર, એપીએમસીની પાછળ, દુકાન નં.૮, પંચાલ રોડ, તા.મેઘરજ, જિ.અરાવલી.
**સંપર્ક: શ્રી કિરણ પટેલ (મો.૯૬૦૧૨૮૧૧૪૫)**

**ખોડામલી** : કૃષિધન એગ્રો સેન્ટર, ખોડામલી, તા.સતલાસણા, જિ.મહેસાણા.
**સંપર્ક: શ્રી રણજીત ઠાકોર (મો.૯૬૦૧૨૮૧૧૫૯)**

**ચાડા** : કૃષિધન એગ્રો સેન્ટર, ચાડા, તા.ખેરાલુ, જિ.મહેસાણા.
**સંપર્ક: શ્રી રણજીત ઠાકોર (મો.૯૬૦૧૨૮૧૧૫૯)**

**શોભાસણ** : કૃષિધન એગ્રો સેન્ટર, ચાડા, તા.વડનગર, જિ.મહેસાણા.
**સંપર્ક: શ્રી રણજીત ઠાકોર (મો.૯૬૦૧૨૮૧૧૫૯)**

**અમદાવાદ** : રીટેલ આઉટલેટ, ડીએસસી, ગવર્મેન્ટ ટ્યૂબવેલ પાસે, બોપલ, અમદાવાદ-૫૮.
**ફોન: (૦૨૭૧૭) ૨૩૫૯૯૪ / ૯૫**

## કૃષિધન પ્રોડ્યુસર કંપની લિ.ના વિવિધ ઉત્પાદનો




ઘઉં બિયારણ · મગફળી બિયારણ · અનિલ-રજકો · મકાઈ ભરડો · ખાવાના ઘઉં · જૈવિક ખાતર · જૈવિક દવા

# કૃષિધન પ્રોડયુસર કંપની લિ.



કારોબારી મિટીંગ



ક્લસ્ટર કમિટી મિટીંગ




સાધારણ સભા

# વાર્ષિક અહેવાલ
# ૨૦૧૬-૧૭

## ૧. સામાન્ય માહિતી : કૃષિધન પ્રોડ્યુસર કંપની (૩૧ માર્ચ-૨૦૧૭ સુધી)

| | | |
|---|---|---|
| **કંપનીનું નામ** | : | કૃષિધન પ્રોડ્યુસર કંપની લિ. |
| **રજીસ્ટ્રેશન** | : | ૨૩ જૂન, ૨૦૧૫ |
| **અધિકૃત શેર મૂડી** | : | રૂ.૪૫ લાખ (૯૦૦૦ શેરધારકો) |
| **રજીસ્ટર્ડ ઓફિસ** | : | અમદાવાદ |
| **કલસ્ટર** | : | પાંચ |
| **ગામની સંખ્યા** | : | ૧૯૦ |
| **જીલ્લા** | : | ૫ (અમરેલી, સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી અને અમદાવાદ) |
| **તાલુકા** | : | ૧૧ (વિસનગર, વડનગર, ખેરાલુ, વીજાપુર, ઊંઝા, મોડાસા, હિંમતનગર, મેઘરજ, ધારી, ધનસુરા, કુજાડ (દહેગામ) |
| **હાલ શેર સભાસદો** | : | ૩૧૨૬ |
| **શેર કેપીટલ ૨૦૧૬-૧૭** | : | રૂ.૨૫,૬૩,૦૦૦/- |

## ૧.૨. સામાન્ય માહિતીઃ

| | | |
|---|---|---|
| ઓડિટર્સ | : | (૧)શ્રી અમલદત્ત એન્ડ એસોસિએટ્સ, સ્ટેટ્યુટરી ઓડિટર- અમદાવાદ<br>(૨)શ્રી કુણેશ જેસવાસ એન્ડ કું - ઈન્ટરનલ ઓડિટર - અમદાવાદ |
| મુખ્ય ઓફિસ | : | સરકારી ટ્યૂબવેલ પાસે, મારૂતિનંદન વિલા, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮ |
| શાખાઓ | : | વડનગર, હિંમતનગર, સિકકા ચોકડી,મેઘરજ, ખોડા આંબલી, ચાડા, ધારી, શોભાષણ, વણગલા *(સરનામાની યાદી પાના નં. ૧૬ પર આપેલ છે.)* |
| શેર ભંડોળ | : | રૂ.૨૫,૬૩,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ લાખ ત્રેસઠ હજાર પુરા)<br>શેરધારક - ૩૧૨૬, શેરની સંખ્યા - ૫૧૨૬ |
| બેંકર્સ | : | સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા - ઘુમા-અમદાવાદ,<br>હિંમતનગર, મોડાસા, મેઘરજ, વડનગર. |
| ઈમેઈલ | : | dkvpcl@gmail.com |
| સંપર્ક નંબર | : | ૦૨૭૧૭ - ૨૩૫૯૯૪ / ૨૩૫૯૯૫ |

## ૨. કૃષિધન પ્રોડયુસર કંપની લિ.નો પરિચય

કૃષિધન પ્રોડયુસર કંપની લિ. (કેપીસીએલ) ગુજરાતના ખેડૂતોએ પોતાના વિકાસ માટે પોતે બનાવેલી કંપની છે. આ કંપનીની વર્ષ ૨૦૧૩ થી ૧,૦૭૫ શેરધારકોના રૂા.૫.૩૭ લાખના ભંડોળ સાથે શરુઆત થઈ છે અને તેને ૯૦૦૦ ખેડૂતો સુધી, ૪૫ લાખ શેરભંડોળ સુધી વિસ્તારી શકાય છે. હાલ ૩૧૨૬ શેરધારકો છે. કંપનીનું મુખ્ય મથક અમદાવાદ છે. તેની ક્ષેત્રિય કચેરી વિસનગર, મોડાસા, હિંમતનગર, મેઘરજ અને ધારીમાં છે.




કંપનીનો હાલમાં ગુજરાતના પાંચ જિલ્લાના ૧૧ તાલુકાનાં ૧૯૦ ગામોના ૧૪,૦૦૦ જેટલા ખેડૂતો લાભ લે છે. ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર, અમદાવાદ અને આરબીએસ ફાઉન્ડેશન, મુંબઈ તરફથી કૃષિધન પ્રોડયુસર કંપનીને ઉભી કરવા માટે અને તેના ઉત્તરરોત્તર વિકાસ માટે જરૂરી માર્ગદર્શન અને વહીવટી ખર્ચ, તાલીમ, પ્રેરણા પ્રવાસ વગેરે માટે ટેકો મળે છે, તેથી કંપની થોડા સમયમાં આત્મનિર્ભર બની શકે.

**<u>કંપનીના હેતુઓઃ</u>**

(૧) ખેડૂતો, ખાસ કરીને નાના અને સીમાંત ખેડૂતોના આર્થિક – સામાજિક વિકાસ અને તેમને આત્મનિર્ભર બનાવવા માટે પ્રયત્ન કરવો.

(૨) સારી ગુણવત્તાનાં બિયારણ, ખાતર અને દવાઓ વ્યાજબી ભાવે, સમયસર મળી રહે તેવી વ્યવસ્થા.

(૩) ખેડૂતોની ઉપજની મૂલ્યવૃદ્ધિ કરવી અને તે યોગ્ય ભાવે વેચાણ તેની ટકાઉ વ્યવસ્થા ઉભી કરવી.

(૪) જમીનને ઉપજનાં રસકસ જળવાય તેવી ટકાઉ, વૈજ્ઞાનિક, કુદરતી રકૈ઼ા ખેતીને પ્રોત્સાહન આપવું.

(૫) ખેડૂતો સમય અનુસાર બજારની જરૂરિયાતો ને વ્યવસ્થાઓ સમજીને આગળ વધે તે માટે તાલીમો.

(૬) ખેડૂતો અને ખેતીના સર્વાંગી હિતમાં હોય એવી કોઈપણ પ્રવૃત્તિ કરવી.

## ૩. કૃષિધન કંપનીનું વહીવટી માળખું




### ૩.૧ કારોબારી સભ્યો સને ૨૦૧૬-૧૭ (વર્ષની કુલ સભા-૪)

| ક્રમ | નામ | હોદ્દો | સ્થળ | હોદ્દા પર રહ્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી વસંતકુમાર આર. પટેલ | વાઈસ ચેરમેન | વડનગર | ૩૦/૦૬/૨૦૧૩ |
| ૨ | શ્રી મોહન ડી. શર્મા | એકસપર્ટ ડાયરેકટર | અમદાવાદ | ૩૦/૦૮/૨૦૧૩ |
| ૩ | શ્રી ચંદ્રકાંતભાઈ પી. સેદાલી | ડાયરેકટર | ધારી | ૨૩/૦૮/૨૦૧૫ |
| ૪ | શ્રી બાબુભાઈ જે. પટેલ | ડાયરેકટર | વિસનગર | ૦૮/૦૭/૨૦૧૫ |
| ૫ | શ્રી કાવજીભાઈ ટી. દામા | ડાયરેકટર | મેઘરજ | ૩૦/૦૮/૨૦૧૩ |
| ૬ | શ્રી લલીતભાઈ વી. પટેલ | ડાયરેકટર | હિંમતનગર | ૩૦/૦૮/૨૦૧૩ |
| ૭ | શ્રી અમૃતભાઈ બી. પટેલ | ડાયરેકટર | હિંમતનગર | ૩૦/૦૮/૨૦૧૩ |
| ૮ | શ્રી રમેશભાઈ વી. પટેલ | ડાયરેકટર | મોડાસા | ૩૦/૦૮/૨૦૧૩ |

## ૩.૨ કાર્યવિસ્તાર મુજબ શેરધારકોની માહિતી

| ક્રમ | યુનિટનું નામ | શેરધારકોની કુલ સંખ્યા | શેરધારકો | |
|---|---|---|---|---|
| | | | પુરુષ | મહિલા |
| ૧ | વિસનગર | ૧૪૭૭ | ૧૨૦૨ | ૨૭૫ |
| ૨ | હિંમતનગર | ૫૧૮ | ૩૮૫ | ૧૩૩ |
| ૩ | મોડાસા | ૬૫૨ | ૪૫૮ | ૧૯૪ |
| ૪ | મેઘરજ | ૨૬૪ | ૧૪૩ | ૧૨૧ |
| ૫ | ધારી | ૨૧૫ | ૨૧૫ | - |
| | **કુલ** | **૩૧૨૬** | **૨૪૦૩** | **૭૨૩** |

## ૪. પ્રાસ્તાવિક ૨૦૧૬-૧૭:

કૃષિધન પ્રોડ્યુસર કંપની લિ. (કેપીસીએલ)નો દ્વિતીય વાર્ષિક અહેવાલ રજૂ કરતા અમો આનંદ અનુભવીએ છીએ.

કૃષિધન પ્રોડ્યુસર કંપની ચોથી વાર્ષિક સાધારણ સભામાં આપ સૌને કારોબારી મંડળ વતી આવકારું છું. ખૂબ જ હરિફાઈયુક્ત જમાનામાં પણ પાછળના વર્ષની સરખામણીએ સારુ હિસાબી પરિણામ મેળવ્યું છે. આ માટે આપ સૌ સભાસદો ડીએસસી-અમદાવાદ સંસ્થા સાથે સંકળાયેલા તમામ લોકો સહભાગી છો અને આપ સૌની સાથે કારોબારી સભ્યો, કર્મચારીગણ રહી તમામ સભ્યોએ પ્રમાણિકતાથી સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે, જેમાં અમો ખૂબ આનંદ અનુભવીએ છીએ.

**<u>કંપની વિશે:</u>**

કૃષિધન પ્રોડ્યુસર કંપની લિ. ગુજરાતના ખેડૂતો દ્વારા પોતાના વિકાસ માટે પોતે બનાવેલી કંપની છે. નાના સીમાંત ખેડૂતોના આર્થિક-સામાજિક વિકાસ આ કંપનીનો મુખ્ય હેતુ છે. આ કંપનીનું ૯૦૦૦ ખેડૂતો સુધી ૪૫ લાખ શેર ભંડોળ કરવાનું આયોજન છે. કંપનીનું મુખ્ય મથક અમદાવાદ છે. તેની ક્ષેત્રિય કચેરી વિસનગર, હિંમતનગર, મોડાસા, મેઘરજ અને ધારીમાં છે. કંપનીએ વર્ષ ૨૦૧૩-૧૪માં પોતાના શેરધારકો અને વિસ્તારના ખેડૂતો સાથે રહી હિંમતનગર, વડનગર, મોડાસા, મેઘરજ વિસ્તારમાં એગ્રો સેન્ટરોની શરૂઆત કરેલ છે, જેમાં ભાઈઓ અને બહેનો મળી અંદાજિત ૩,૧૨૬ શેરધારકો સામેલ છે.

## ૪.૧ ધંધાકીય પ્રવૃત્તિ અને થયેલ ફાયદાઃ

કૃષિધન શેરધારકોએ રૂ.૨૫.૬૩ લાખનું શેરભંડોળ ઊભું કરેલ છે. શેરભંડોળ અને ધંધાકીય આવક ભંડોળ સાથે મળીને હાલ અંદાજિત રૂ.૫૭.૬૫ લાખનું ધંધાકીય ભંડોળ ઊભું થયેલ છે. જેનાથી શેરધારક અને ખેડૂતો માટે ખેતી ઈનપુટ જેવા કે,- દવા, બિયારણ, ઓર્ગેનીક ઈનપુટ, ખેતી સાધનોનું વેચાણ કાર્ય થાય છે. વર્ષ ૨૦૧૩-૧૪ ,૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ચાર વર્ષની કામગીરી દરમિયાન વિસ્તારના ૧૪,૦૦૦ જેટલા ખેડૂતોએ રૂપિયા ૩.૫ કરોડના ખેતી ઈનપુટની ખરીદી કરેલ છેજેનાથી તેઓને બજાર કરતા સમયસર, ખાતરીબદ્ધ, ઈચ્છા મુજબનું દવા-બિયારણ મળી રહે છે.કંપનીના એક અંદાજ મુજબ ખેડૂતોનેસ્થાનિક ખેતી ઈનપુટ બજારકરતા રૂપિયા ૬ કરોડનો ફાયદો કરાવી ચુકી છે. જે દર્શાવે છે કે ખેડૂતોને વધારે ફાયદો થયેલ છે અને કંપનીને નહિવત્ નફો થયેલ છે.

ગત બે વર્ષથી કંપની જૈવિક ખેતી પ્રમોશન કરવાના ધ્યેય સાથે જૈવિક ખાતર, જૈવિક દવાઓનું પોતાની બ્રાન્ડમાં વેચાણ કરેલ છે. જેનાથી અંદાજિત ૧૮૦૦ હેક્ટર જમીનના ખેડૂતો જૈવિક ખેતી કરવા માટે પ્રેરાયા છે.

કૃષિધન પ્રોડ્યુસર કંપની વિસ્તારના ખેડૂતોને પોતાના વિસ્તારનું જ બિયારણ મળી રહે તે માટે ઘઉં, જુવાર, રજકા, મગફળીના બિયારણનું ઉત્પાદન અને વેચાણ કરેલ છે. જેમાંથી ખેડૂતોને વીઘે ૬૦ થી ૮૦ કિગ્રા ઉત્પાદન વધારે મળતું થયું છે અને રૂપિયા ૭૫ લાખનો ફાયદો થયેલ છે.

કૃષિધન પ્રોડ્યુસર કંપની-અમદાવાદમાં ડીએસસી-અમદાવાદના સહયોગથી બોપલ-અમદાવાદથી રીટેઈલ આઉટલેટ ચાલુ કરેલ છે. આ આઉટલેટ પર શેરધારકો, મહિલા મંડળો, કિસાન ક્લબ, અનાજ, કઠોળ, મસાલાનું ક્લીનીંગ, ગ્રેડીંગ અને પેકીંગ કરી અમદાવાદમાં વેચાણ કરે છે. જેમાંથી તેઓને ૫% જેટલો વધારે ફાયદો થાય છે અને ગ્રાહકોને ખેડૂત ઉત્પાદીત પ્રોડક્ટ સીધી જ પ્રાપ્ત થાય છે. આ વર્ષ ૩૦૩ જેટલા ગ્રાહકો અને રૂ.૫.૧૦ લાખના આઉટલેટથી ખરીદ કરેલ છે. સાથે જ ધારી યુનિટના ખેડૂતો દ્વારા અમદાવાદ, વિસનગર, મોડાસા, હિંમતનગરમાં કેસર કેરીની ૧૬૦૪ પેટી (૧૦ કિગ્રા) અને રૂપિયા ૭ લાખનું વેચાણ કરવામાં આવેલ.

## ૪.૨ કંપનીના ધંધાકીય પ્રવૃત્તિ માટેના અગત્યના સ્ત્રોતઃ

ઉપરોક્ત બધા જ કાર્યો કરવા માટે સૌથી વિશેષ ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર-અમદાવાદ અને આરબીએસ ફાઉન્ડેશન-મુંબઈ દ્વારા કંપની થોડા સમયમાં આત્મનિર્ભર બને અને ઉત્તરોત્તર વિકાસ કરી શકે તે માટે ઓફિસ વહીવટી ખર્ચ અને પગાર ખર્ચ, તાલીમ, પ્રેરણા પ્રવાસ, પ્રોડક્ટ પ્રમોશન વગેરે માટે જરૂરી માર્ગદર્શન અને ટેકો મળતો રહે છે. જેના માટે અમે સર્વ ખેડૂત શેરધારકો તેઓનો આભાર માનીએ છીએ.

આ સાથે શ્રી લઘુ કૃષક સંઘ-દિલ્હી દ્વારા કૃષિધનના ધંધાકીય આયોજન ટેકા માટે ૨૦૦૦ શેરધારકો દ્વારા રૂપિયા ૧૦ લાખની ઈક્વિટી ગ્રાન્ટની દરખાસ્ત કરેલ, જેમાં તેઓએ મંજૂરી આપેલ છે તેથી તેઓના અમો આભારી છીએ.

## ૪.3 ભાવિ રણનીતિઃ

કૃષિધન પ્રોડ્યુસર કંપનીના રોજ-બ-રોજ કાર્ય કરવા માટે આજે પણ આત્મનિર્ભર નથી જે એક પડકાર છે. તે પડકારને આવતા ત્રણ વર્ષમાં ઓછા કરવા માટે ૧૯૯ ગામના અંદાજિત ૩૦૦૦થી વધારે મેમ્બર અને નોન મેમ્બર સાથે રૂપિયા ૮ કરોડનું ધંધાકીય આયોજન કરેલ છે જેમાં મુખ્યત્વે ખેતી દવા-બિયારણનું ટ્રેડીંગ, ૭૭૦ ટન જેટલું ઘઉં, મગફળી, ઘાસચારાનું બીજ ઉત્પાદન, ૩૦૮ ટન પશુઆહાર (મકાઈ ભરડો)નું પ્રોડક્શન અને વેચાણ, ૩૨૬ ટન જેટલું રીટેઈલ આઉટલેટનું ખરીદ-વેચાણ, ૩૮.૦૬ ટન વરીયાળી તથા અન્ય પાકનું ટ્રેડીંગ વગેરે કાર્યનું આયોજન કરેલ છે. આશા છે કે આવનાર વર્ષોમાં આપ સૌના અથાગ પ્રયાસથી આપણે આત્મનિર્ભર બનીશું.

કૃષિધન પ્રોડ્યુસર કંપનીમાં છેલ્લા ત્રણ વર્ષથી મહિલાઓ પણ શેરધારકો બની રહી છે. જેથી કંપની તેઓના સાહસથી આનંદ અનુભવે છે અને આશા રાખે છે કે આવનાર સમયમાં હજુ વધારે મહિલા શેરધારકો બને.

વર્ષ દરમિયાન હાથ ધરેલી પ્રવૃત્તિમાં સહાયભૂત થવા બદલ ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટરના અધ્યક્ષ શ્રી વિજય મહાજન, આરબીએસ ફાઉન્ડેશન-મુંબઈ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી અમલદત્ત ધ્રુવ અને શ્રી કૃણેશ જયસ્વાલ, કંપની સેક્રેટરીશ્રી આઈ.આર.પટેલનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

આ સાથે દવા, બિયારણ, ખેતી ઈનપુટના ડિસ્ટ્રીબ્યુટરો અને કંપનીઓ / સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા તથા અન્ય બેંકો, ફૂડ અને ડ્રગ વિભાગ, ગુજરાત બીજ સર્ટિફીકેટ એજન્સી, ગુણવત્તા નિયંત્રણ કચેરીના અધિકારીઓ, વેપારી ભાઈઓ, સેલટેક્ષ, ઈન્કમટેક્ષ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગુજપ્રો-ખેતીવાડી વિભાગ, ગાંધીનગર તથા નામી-અનામી સર્વેનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

આ અહેવાલ દ્વિતીય વખત રજૂ કરવા પ્રયત્ન કરેલ છે તેથી અહેવાલમાં જાણે-અજાણે કોઈ ક્ષતિ હોય તો નજરઅંદાજ કરી સ્વીકારશો અને આપના સૂચનો જણાવશો.

**કારોબારી મંડળ**
**કૃષિધન પ્રોડ્યુસર કંપની લિ., અમદાવાદ**

## ૪.૪ ભૌતિક અને નાણાકીય ઉપલબ્ધિઓ : ૨૦૧૬-૧૭

| ક્રમ | વિગત | યુનિટ | ભૌતિક લક્ષ્યાંક | નાણાકીય લક્ષ્યાંક રૂ.લાખમાં | ભૌતિક ઉપલબ્ધિ | નાણાકીય ઉપલબ્ધિ (રૂ.લાખમાં) | ભૌતિક તફાવત | નાણાકીય તફાવત (રૂ.લાખમાં) | ઉપલબ્ધિ (ટકામાં) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઈનપુટ વેચાણ (કપાસ, એરંડા, મકાઈ, ઘાસ, મગફળી, શાકભાજી) | પેકેટ / બેગ/કિગ્રા | 9830 | 48.10 | 16278 | 51.44 | 6448 | 3.34 | 107 |
| ૨ | બિયારણ (ઘઉં,ઘાસ,મગફળી) | કિગ્રા | 47164 | 26.12 | 69720 | 41.10 | 22556 | 14.98 | 157 |
| ૩ | જૈવિક ખાતર (વર્મી કમ્પોસ્ટ) | કિગ્રા | 48400 | 2.29 | 95850 | 9.20 | 47450 | 6.91 | 402 |
| ૪ | જંતુનાશક દવા | લીટર | 3076 | 2.09 | 2054 | 5.13 | 1022 | 3.04 | 245 |
| ૫ | બાયોપેસ્ટીસાઈડ | લીટર | 6200 | 9.12 | 3747 | 5.3 | 2453 | 3.82 | 58 |
| ૬ | ઓજારો | યુનીટ | 8156 | 25 | 8500 | 7.89 | 344 | 17.44 | 31 |
| ૭ | રીટેલ આઉટલેટ (અનાજ, કઠોળ, મસાલા) | ટન | 97 | 34.15 | 17 | 4.32 | 80 | 29.83 | 13 |
| ૮ | હોલસેલ મગફળીનું વેચાણ | ટન | 16 | 13 | 102 | 437 | 86 | 423.67 | 3310 |
| ૯ | મકાઈ ભરડો | બેગ | 2628 | 15.77 | 232 | 1.62 | 2396 | 14.15 | 10 |
| | કુલ | | | **176.17** | | **562.87** | | **517.18** | **320** |

## ૪.૪ ત્રિમાસિક નાણાકીય વેપાર (રૂપિયા લાખમાં)

| વિગત | ટર્નઓવર(રૂ. લાખમાં) |
|---|---|
| એપ્રિલ-જૂન | ૪૩.૭૭ |
| જુલાઈ-સપ્ટેમ્બર | ૩૬.૪૧ |
| ઓક્ટો.-ડિસેમ્બર | ૨૨૬.૩૦ |
| જાન્યુ.-માર્ચ | ૨૫૬.૩૯ |

## ૫. કંપનીમાં થયેલી પ્રવૃત્તિઓ અને ફાયદાઓઃ

૧. કંપની દ્વારા વર્ષ દરમિયાન બિયારણ અને જથ્થાબંધ ખરીદીને ક્ષેત્રિય કચેરીઓ મારફત ૧૮૦ ગામના અંદાજીત ૯૦૦૦ જેટલા ખેડૂતોને દવા, બિયારણ, જૈવિક ઈનપુટ, ખેતી સાધનો વગેરે વેચાણ કરવામાં આવેલ છે. આ ખેડૂતોએ રૂપિયા ૨ કરોડના ખેતી ઈનપુટની ખરીદી કરેલ છેજેનાથી તેઓને બજાર કરતા સમયસર, ખાતરીબદ્ધ, ઈચ્છા મુજબનું દવા-બિયારણ મળી રહે છે. **કંપનીના એક અંદાજ મુજબ ખેડૂતોને સ્થાનિક ખેતી ઈનપુટ બજાર કરતા રૂપિયા ૪.૫ કરોડનો ફાયદો કરાવી ચુકી છે.** જે દર્શાવે છે કે ખેડૂતોને વધારે ફાયદો થયેલ છે અને કંપનીને નહિવત્ નફો થયેલ છે.

૨. કૃષિધન કાર્ય વિસ્તારના શેરધારકો, ખેડૂત મંડળો, મહિલા મંડળો સાથે તેઓ ઉત્પાદિત કરતા મસાલા, કઠોળ, તેલિબીયાં અને અનાજની સાફસફાઈ, ગ્રેડીંગ અને પેકિંગ કરીને તેનું વેચાણ સ્થાનિક ગામો, તાલુકા અને અમદાવાદ રીટેલ આઉટલેટ પર કરવામાં આવે છે, જેમાં મુખ્યત્વે ઘઉં ૧૬,૪૦૦ કિગ્રા, કઠોળ ૧૦૦૦ કિગ્રા અને મસાલા ૧૦૦૦ કિગ્રા અને કેસર કેરીની ૧૬૦૪ બોક્ષનું વેચાણ કરવામાં આવેલ છે. **તેઓને બજાર કરતાં ૫ થી ૨૦ ટકા જેટલું વધુ માર્જિન મળી રહે છે અને ગ્રાહકોને ખેડૂતોની પ્રોડક્ટ સીધી ખરીદ કરવાની તક મળે છે.**

૩. ડીએસસી સંસ્થાની મદદથી કૃષિધન કાર્યવિસ્તારના શેરધારકો, ખેડૂત મંડળો, મિહલા મંડળો દ્વારા ઉત્પાદિત જૈવિક ખાતર અંદાજીત ૯૦ ટન અને જૈવિક દવા અંદાજીત ૨૦૦૦ લીટરનું વેચાણ કરવામાં આવેલ છે, જેનાથી ઉત્પાદકોને ગ્રાહક વ્યવસ્થા ઉભી થયેલી છે અને વધારે ઉત્પાદન કરવા માટે પ્રેરાયા છે તથા **તેઓની અંદાજિત ૧૮૦૦ હેક્ટર જેટલી જમીનમાં જૈવિક ખેતી તરફ કાર્ય કરવા માટે પ્રેરાયા છે. લગભગ ૨૦ ખેડૂતો દ્વારા સજીવ ખેતી પ્રમાણપત્ર પ્રક્રિયામાં પણ જોડાયેલ છે.**

૪. વર્ષ દરમિયાન ખેડૂતોને વિવિધ ખેતીલક્ષી સાધનો, બિયારણ, ટેકનોલોજી વગેરે માલસામાનનો **૧૯૦ જેટલા ગામોમાંરપ દિવસ** સુધી લાઉડ સ્પીકર, લીફલેટ, ભીતસૂત્રો, વોટ્સએપ, એલસીડી વગેરે માધ્યમ દ્વારા**પ્રચાર-પ્રસાર** કરવામાં આવેલો છે જેનાથી કૃષિધનના વેપારમાં વધારો થયેલો છે.

૫. **૨૬૦૦ થી વધારે શેરધારકોને રૂ.૧ લાખ ૭૦ હજાર કરતા વધારે ખેતી માટે બિયારણ,** રોગ-જીવાત, સરકારી યોજનાઓ, હવામાન/વાતાવરણ ફેરફાર વગેરેની માહિતી, ગુજરાતી ભાષામાં વોઈસ એસએમએસ અને ટેક્સ એસએમએસ કરવામાં આવે છે, જેનાથી ખેડૂતોને યોગ્ય સમયસર જરૂરી માહિતી મળી રહેતી હોવાથી તેઓ પોતાના નુકસાન અને ફાયદા માટે નિર્ણયો લઈ શકે છે.

૬. વર્ષ દરમિયાન **૧૦૦૦ શેરધારકો, કલસ્ટર કમિટીના ૧૫૦ સભ્યો અને બોર્ડના ૭ મેમ્બરો** બિયારણ, ઘઉં, એરંડા, કપાસ, સજીવ ખેતી, બજાર વ્યવસ્થા માટે યુનિવર્સિટીઓ, સ્થાનિક વેપારીઓ, એજન્સીઓ સાથે રહી **તાલીમ આપવામાં આવેલ છે.**

૭. વર્ષ દરમિયાન દરેક તાલુકા સ્તરે શેરધારકોની વિસનગર, વડનગર, ધરોઈ, હિંમતનગર, મોડાસા, મેઘરજ તાલુકા કમિટી દર ત્રણ માસે મિટિંગ કરવામાં આવે છે જેના મુખ્ય હેતુ થયેલી કામગીરી- આયોજન અને પડતી મુશ્કેલીઓ વગેરે એજન્ડા પર ચર્ચા કરવામાં આવે છે અને તેનું નિરાકરણ કે આયોજન કરવામાં આવે છે.

૮. વર્ષ દરમિયાન **કૃષિધન પ્રોડયુસર કંપની કારોબારીની ૪ મિટિંગો** કરવામાં આવેલી છે જેના મુખ્ય એજન્ડા, **નીતિ વિષયક, વિસ્તાર મુજબ આયોજન - અમલીકરણ, પડતી મુશ્કેલીઓનું નિરાકરણ, નાણાકીય અને ધંધાકીય આયોજન** વગેરે જેવા મુદ્દાઓ સાથે કરવામાં આવે છે.

૯. કૃષિધન પ્રોડયુસર કંપની આ વર્ષથી મોડાસા, વડનગર અને હિંમતનગરના **ખેડૂતોએ ૪૯૬, લોકવન, ૧૭૩ નંબરની જાતના ઘઉંનું બીજ પ્લોટીંગ કરેલ, જેમાંથી ૪૧ ટન બીજ ઉત્પાદન** થયેલ અને તે ઉત્પાદિત થયેલ બીજ શેરધારકો અને ખેડૂતોને વેચાણ કરવામાં આવેલ જેમાં **ખેડૂતોને વિઘે અંદાજે ૬૦ થી ૮૦ કિ.ગ્રા. જેટલો ઉત્પાદનમાં વધારો** થયેલો છે.

૧૦. નવથી વધારે અનાજ / મસાલા ક્લીનીંગ, ગ્રેડીંગ મોબાઈલ બેઝ ડીએસસી સંસ્થાના માધ્યમથી કૃષિધન શેરધારક તાલુકા કમિટીમાં આપવામાં આવ્યા છે. **જેનાથી આશરે ગત વર્ષે ૧૦૦૦થી વધારે ખેડૂતોએ સર્વિસ મેળવેલ છે. આ**

**મશીનથી તેઓની બજાર કરતા ૧૧ થી ૨૦% અન્ય ખેડૂતો કરતા વધારે ફાયદો મળેલ છે.**

૧૧. કૃષિધન પ્રોડ્યુસર કંપની **દ્વારા લઘુ કૃષક સંઘ-દિલ્હીમાં ૨૦૦૦ શેરધારકોની રૂપિયા ૧૦ લાખ માટે ઈક્વિટી ગ્રાન્ટ માટે દરખાસ્ત કરવામાં આવેલ છે.** જેના અનુસંધાને તેઓ પ્રોડ્યુસર કંપની રૂબરૂ ચકાસણી અને મુલાકાત કરી **રૂપિયા ૧૦ લાખની ઈક્વિટી ગ્રાન્ટ મંજૂર કરેલ છે.**

૧૨. કૃષિધન કાર્ય વિસ્તારના આ વર્ષથી **હિંમતનગરના ખેડૂતોએ જી-૨૦ અને ૨૪ નંબરની જાતની મગફળીનું ૩૦ ટન બીજ ઉત્પાદન થયેલ** અને તે ઉત્પાદિત થયેલ બીજ શેરધારકો અને ખેડૂતોને વેચાણ કરવામાં આવેલ, જેમાં **ખેડૂતોને વીઘે અંદાજે ૩૦ થી ૬૦ કિગ્રા જેટલો ઉત્પાદનમાં વધારો થયેલ છે.**

૧૩. કૃષિધન કંપની દ્વારા આ વર્ષથી **ઘાસચારાનું રજકાનું બિયારણ અંદાજિત ૪૦૦ કિગ્રાનું કરવામાં આવેલ** જેના અનુભવથી આવનાર વર્ષમાં **૨૦૦૦ કિગ્રા બિયારણ ઉત્પાદન કરવાનું આયોજન કરેલ છે.**

૧૪. કૃષિધન દ્વારા આ વર્ષ ધારી વિસ્તારના **ખેડૂતો દ્વારા કેસર કેરીનું રૂપિયા ૭.૫ લાખનું** અમદાવાદ રીટેઈલ આઉટલેટ, વિસનગર, મોડાસા, હિંમતનગર, વડનગરમાં વેચાણ કરેલ જેનાથી **ખેડૂતોને ૧૭ થી ૨૦% બજાર કરતા ફાયદો મળેલ અને ગ્રાહકોને કાર્બાઈડ મુક્ત કેરી આરોગવા માટે મળેલ.**

૧૫. કૃષિધન દ્વારા આ વર્ષ તમાકુ પાકના **ખેડૂતો માટે બારદાન વેચાણ વ્યવસ્થા ચાલુ કરવામાં આવી,** જેમાં **કુલ ૧૫,૫૦૦ જેટલા ૨૦ ગામના અંદાજિત ૫૦૦ જેટલા ખેડૂતોએ ખરીદ કરેલ**, જેનાથી **ખેડૂતોને એક બારદાન રૂપિયા ૨/-થી ૩/-નો ફાયદો થયેલ.**

૧૬. ગુજરાત સરકાર, ગુજપ્રો, નાફેડ વતી કૃષિધન પ્રોડ્યુસર કંપની દ્વારા **ટેકાના ભાવે ધારી, હિંમતનગર, સતલાસણા વિસ્તારમાં કુલ ૭૧૪ ખેડૂતોની ૧૦૦૨ ટન અને રૂપિયા ૪૩૩ લાખની ખરીદી કરવામાં આવેલ** જેનાથી **ખેડૂતોને રૂપિયા ૧૨૫ લાખઅને કૃષિધન પ્રોડ્યુસર કંપનીને રૂપિયા ૩.૮૮ લાખનો ફાયદો મેળવેલ છે.**

૧૭. કૃષિધન પ્રોડ્યુસર કંપની વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન રાષ્ટ્રીય સ્તરનું <u>સ્મોલ એગ્રી પ્રિન્યોર એવોર્ડ</u> પ્રાપ્ત થયેલ છે. આ એવોર્ડ એચ.આર. ક્લબ, સી.એસ.આર.-મુંબઈ દ્વારા દર વર્ષે આપવામાં આવે છે.

૧૮. આ વર્ષથી કૃષિધન પ્રોડ્યુસર કંપની-મોડાસા દ્વારા પશુઓના ખાણદાણ માટે મકાઈ ભરડા યુનીટની શરૂઆત કરવામાં આવેલ છ. જેનાથી ૨૦૦ જેટલા ખેડૂતોએ ખરીદ કરેલ છે, જેનાથી ખેડૂતોને વધુ દૂધ, વધુ ફેટ અને વધુ નફો મળવાની શરૂઆત થઈ છે.

## ૬. કૃષિધનની સાથી સંસ્થાઓ

| ક્રમ | કામગીરી | સંસ્થાઓનું કાર્ય |
|---|---|---|
| ૧ | કૃષિધન પ્રોડ્યુસર કંપની ઉભી કરવા અને ઉત્તરોત્તર વિકાસ કરવા માટે ઓફિસ વહીવટી ખર્ચ, તાલીમ, પ્રેરણા પ્રવાસ, પ્રોડકટ પ્રમોશન, બજાર વ્યવસ્થા | ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર, અમદાવાદ ગ્રામીણ સ્તરે વિવિધ ધંધાકીય પ્રવૃત્તિ સાથે જોડાયેલા લોકોને સંગઠિત કરી જૂથમાં ધંધાકીય પ્રવૃત્તિની પ્રેરણા અને સહયોગ આપવો. |
| ૨ | ખેતી, દવા, બિયારણ, ખેતી સાધનો, જૈવિક ઈનપુટ વગેરેના ડિસ્ટ્રીબ્યુટરો | ડિસ્ટ્રીબ્યુટર : જયભારત- હિંમતનગર, જે.કે. એગ્રો સીડ, રોયલ સીડ-મહેસાણા, ગુજરાત એગ્રો-વિજાપુર, એબીસી સેન્ટર-લાડોલ |
| ૩ | ઓર્ગેનિક ઈનપુટ પ્રોડકટના ઉત્પાદક | નિકો ઓર્ગો |
| ૪ | દરેક ઉત્પાદિત ખેત પ્રોડકટ વેચાણ કરાવનાર | એનસીએકસ સ્પૉટ અને ફયુચર-મુંબઈ |
| ૫ | તેલીબિયાં / કઠોળ પ્રોડક્ટ ખરીદ-વેચાણ કરનાર | લઘુ કૃષક સંઘ - દિલ્હી |
| ૬ | ટપક અને ફુવારા ઉત્પાદક કંપની | પરિક્ષિત કંપની / નેટાફીમ – અમદાવાદ |
| ૭ | ઘાસ બિયારણ / દવાઓની ઉત્પાદક કંપની | યુપીએલ - અમદાવાદ વેસ્ટર્ન-ગાંધીનગર |
| ૮ | તાલીમ અને ક્ષમતાવર્ધન | ખેતીવાડી યુનિવર્સિટી-આણંદ, જુનાગઢ, દાંતીવાડા, વીજાપુર, જગુદાણ |
| ૯ | ખેતી ઉત્પાદન ખરીદ અને વેચાણ સમિતિ લાયસન્સ | એપીએમસી- હિંમતનગર, મોડાસા, મેઘરજ, ધારી, વિસનગર |
| ૧૦ | ઓલામ ઈન્ટરનેશનલ પ્રા.લિ.-રાજકોટ | મગફળી ખરીદ કરનાર |
| ૧૧ | બીજ પ્રોડક્શન અને બિયારણ સર્ટિફિકેશન | ગુજરાત રાજય બીજ પ્રમાણીત એજન્સી, અમદાવાદ |
| ૧૨ | આવાઝ દે ઈન્ફોસીસ્ટમ પ્રા.લિ., અમદાવાદ | એસએમએસ / વોઈસ એસએમએસ સર્વિસ |
| ૧૩ | તેલીબિયા / કઠોળ પ્રોડક્ટ ખરીદ વેચાણ સંકલન કરાવનાર | ગુજપ્રો પ્રોડ્યુસર કંપની |
| ૧૪ | અનન્યા ફાઈનાન્સ | અમદાવાદ |

## ૭. વર્ષ દરમિયાન મુલાકાતીઓ

વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન કૃષિધન પ્રોડયુસર કંપનીની વિવિધ સંસ્થાઓ દ્વારા મુલાકાત કરવામાં આવેલી જેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | સંસ્થાનું નામ | મુલાકાતનો હેતુ | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | નાબાર્ડ અને સજજતા સંઘના નાબાર્ડ-ગુજરાતના તાલીમાર્થીઓ | (૧) કૃષિધન પ્રોડયુસર કંપની કાર્ય, પ્રક્રિયા અને પદ્ધત્તિ,<br>(૨) સંસ્થાકીય માળખું<br>(૩) હિસાબ પદ્ધત્તિઓ | ૧૦૭ |
| ૨ | નરેગા અને ડીએસસી ગુજરાત / મધ્યપ્રદેશના તાલીમાર્થીઓ | (૧) કૃષિધન પ્રોડયુસર કંપની કાર્ય, પ્રક્રિયા અને પદ્ધત્તિ,<br>(૨) સંસ્થાકીય માળખું<br>(૩) હિસાબ પદ્ધત્તિઓ | ૨૦૩ |
| ૩ | માહિતી-ગુજરાત, વીઆરટીઆઈ, એકેઆરએસપી(આઈ), અનન્યા પ્રો. કંપની-ગુજરાત | (૧) કૃષિધન પ્રોડયુસર કંપની કાર્ય, રચના અને હિસાબી પદ્ધત્તિઓ<br>(૨) શેરધારકોની મુલાકાત | ૭૦ |
| ૪ | એફડબલ્યુડબલ્યુબી / એસબીઆઈ / અનન્યા / આઈડીબીઆઈ / એમસમુની | કૃષિધન પ્રોડયુસર કંપનીની ધંધાકીય પ્રક્રિયા અને આયોજન માટે | ૧૫ |
| ૫ | જયંત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ / ગોકુલ | એરંડા બજાર જોડાણ માટે | ૮ |
| ૬ | લઘુ કૃષક સંઘ - દિલ્હી | શેર, કઈવીટી ગ્રાન્ટ, ઈન્સ્પેકશન અને મંજુરી માટે | ૩ |
| ૭ | વી.એન.કે.સી.-અમદાવાદ | મગફળી બજાર માટે | ૨ |

## ૮. કૃષિધન પ્રોડ્યુસર કંપની લિ. - તા.૩૧ માર્ચ-૨૦૧૭ના રોજનું પાકું સરવૈયું

(ગુજરાતી અનુવાદ)

| વિગત | ૨૦૧૬-૧૭ | ૨૦૧૫-૧૬ |
|---|---:|---:|
| **સભાસદોનું ભંડોળ:** | | |
| શેરમૂડી | ૨૫,૬૩,૦૦૦ | ૧૦,૧૭,૫૦૦ |
| અનામતો અને પુરાંત (શરૂની બાકી)<br>ઉમેરો: નફા-નુકસાન ખાતાની બાકી | (૧૨,૬૨૫)<br>૧,૭૪,૮૪૫<br>------------------<br>૧,૬૨,૨૨૦ | (૧,૭૬,૫૪૫)<br>-૧,૬૩,૯૫૦<br>------------------<br>(૧૨,૬૨૫) |
| ધિરાણ-ભંડોળ | ૧૦,૦૦,૦૦૦ | ૧૦,૦૦,૦૦૦ |
| તારણ વગરની લોન | ૨૮,૧૧,૭૩૭ | ૧૪,૩૪,૨૫૯ |
| **કુલ** | **૬૫,૩૬,૯૫૭** | **૩૪,૩૯,૧૩૪** |
| **ભંડોળનો ઉપયોગ:**<br>સ્થાવર મિલકત | ૬૯,૦૫૫ | ૩૦,૮૭૫ |
| રોકાણો | ૮૩,૬૦૦ | ૮૩,૬૦૦ |
| **ચાલુ મિલકતો** | | |
| આખરનો સ્ટોક | ૯,૪૦,૧૫૬ | ૬,૨૬,૭૩૬ |
| દેવાદારો | ૩૨,૯૮,૩૧૮ | ૧૫,૧૮,૯૭૨ |
| રોકડ અને બેંક સિલક | ૧૯,૧૧,૭૫૩ | ૧૦,૦૩,૮૧૬ |
| અન્ય લોન અને ધિરાણ | ૨,૩૪,૦૭૫ | ૧,૭૫,૧૩૫ |
| **કુલ** | **૬૫,૩૬,૯૫૭** | **૩૪,૩૯,૧૩૪** |

## તારીખ ૩૧-૩-૨૦૧૭ના રોજ પૂરા થતા વર્ષનું વેપાર / નફા-નુકસાન ખાતુ

| **આવક** | **૨૦૧૬-૧૭** | **૨૦૧૫-૧૬** | **ખર્ચ** | **૨૦૧૬-૧૭** | **૨૦૧૫-૧૬** |
|---|---:|---:|---|---:|---:|
| વેચાણ | ૫,૫૨,૯૮,૪૨૬ | ૧,૦૬,૧૯,૮૮૬ | શરૂઆતનો સ્ટોક | ૬,૨૬,૭૩૬ | ૯,૪૭,૨૦૦ |
| અન્ય આવક | ૯,૮૯,૬૭૭ | ૭,૯૧,૯૫૭ | ખરીદી | ૫,૪૮,૫૧,૮૭૭ | ૯૫,૫૭,૯૯૬ |
| આખર સ્ટોક | ૯,૪૦,૧૫૬ | ૬,૨૬,૭૩૬ | સીધા ખર્ચ | ૧૫,૧૮,૯૭૭ | ૧૩,૨૮,૯૮૪ |
| | | | ઘસારો | ૧૧,૩૯૫ | ૬,૬૧૮ |
| | | | નફા-નુકસાન ખાતે | ૧,૭૪,૮૪૫ | ૧,૬૩,૯૫૦ |
| | | | ઈન્કમટેક્ષ | ૪૪,૪૨૯ | ૩૩,૮૩૧ |
| **કુલ** | **૫,૭૨,૨૮,૨૫૯** | **૧,૨૦,૩૮,૫૭૯** | **કુલ** | **૫,૭૨,૨૮,૨૫૯** | **૧,૨૦,૩૮,૫૭૯** |

અમલદત્ત એન્ડ એસોસિએટ્સ
લિ.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
**sd/-**
અમલ ધ્રુવ

કૃષિધન પ્રોડ્યુસર કંપની
**sd/-**
ડાયરેક્ટર

## ૯. કૃષિધન પ્રોડ્યુસર કંપનીની છેલ્લા ત્રણ વર્ષની નાણાકીય વિગત

| નં. | વિગત | ૨૦૧૪-૧૫ | | | | ૨૦૧૫-૧૬ | | | | ૨૦૧૬-૧૭ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શેરની સંખ્યા | શેર ભંડોળ | નફો | વેચાણ | શેરની સંખ્યા | શેર ભંડોળ | નફો | વેચાણ | શેરની સંખ્યા | શેર ભંડોળ | નફો | વેચાણ |
| ૧ | શેરધારકોની સંખ્યા | 1560 | 7.8 | …… | | 2035 | 10.17 | … … | | 5126 | 25.63 | … … | |
| ૨ | શેરધારકોની થાપણો | 22 | 5.15 | …… | | 16 | 3.03 | … … | | 26 | 568 | … … | |
| ૩ | વેચાણ | | | | 46.2 | | | | 106 | | | | 553 |
| ૪ | નફો | | | 1.67 | | | | 1.63 | | | | 2.19 | |

## ૯.૧ કૃષિધન પ્રોડ્યુસર કંપનીની છેલ્લા ત્રણ વર્ષની ધંધાકીય વિગત

| નં. | વસ્તુનું નામ | યુનીટ | ૨૦૧૪-૧૫ | | | ૨૦૧૫-૧૬ | | | ૨૦૧૬-૧૭ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | જથ્થો | કિંમત (રૂ. લાખમાં) | લાભાર્થીની સંખ્યા | જથ્થો | કિંમત (રૂ. લાખમાં) | લાભાર્થીની સંખ્યા | જથ્થો | કિંમત (રૂ. લાખમાં) | લાભાર્થીની સંખ્યા |
| એ. | ઈનપુટ વેચાણ (કપાસ, દિવેલા, મકાઈ, ઘાસ, મગફળી, શાકભાજી) | પૅકેટ / બેગ / કિગ્રા | ૯૩૪૩ | ૨૮.૬૯ | ૨૩૦૦ | ૨૨૨૪૫ | ૫૩.૪ | ૩૪૫૦ | ૧૬૨૭૮ | ૫૧.૪૪ | ૪૩૦૦ |
| બી. | બિયારણ ઉત્પાદન (ઘઉં, ઘાસ, મગફળી) | કિગ્રા | ૨૦૦૦૦ | ૧૧.૧ | ૬૨૩ | ૩૨૦૦૦ | ૨૩.૧૭ | ૮૦૯ | ૬૯૭૨૦ | ૪૧.૧૦ | ૧૩૦૦ |
| સી. | જૈવિક ખાતર (વર્મી કમ્પોસ્ટ) | કિગ્રા | ૩૪૦૦૦ | ૧.૪૬ | ૫૦૦ | ૭૧૦૦૦ | ૮.૨૯ | ૭૫૦ | ૯૫૮૫૦ | ૯.૨૦ | ૯૦૦ |
| ડી. | જંતુનાશક દવા | લીટર | ૧૧૯૬ | ૩.૪૬ | ૬૩૭ | ૯૦૮ | ૭.૫૧ | ૭૫૦ | ૨૦૫૪ | ૫.૧૩ | ૯૦૦ |
| ઈ. | બાયોપેસ્ટીસાઈડ | લીટર | ૨૬૪ | ૦.૬૬ | ૨૫૫ | ૮૫૨ | ૨.૧૩ | ૫૫૩ | ૩૭૪૭ | ૫.૩૦ | ૬૦૦ |
| એફ. | ઓજારો | યુનીટ | ૨૦૦ | ૦.૧૩ | ૧૨૩ | ૩૭૯૯ | ૧૨.૭૮ | ૯૦૦ | ૮૫૦૦ | ૭.૮૯ | ૧૧૫૭ |
| જી. | રીટેઈલ આઉટલેટ (અનાજ, કઠોળ, મસાલા) | કિગ્રા | ૧૨૫૦ | ૦.૩૨ | ૭૫ | ૧૫૬૦૦ | ૭.૦૮ | ૨૩૭ | ૧૬૪૦૦ | ૪.૩૨ | ૩૫૦ |
| એચ | નર્સરી | સંખ્યા | ૧૦૦૦ | ૦.૩૮ | ૨૫ | | | | | | |
| આઈ | હોલસેલ-મગફળીનું વેચાણ | ટન | | | | | | | ૧૦૨ | ૪૩૬.૮ ૭ | ૭૮૦ |
| જે | મકાઈ ભરડો | બેગ | | | | | | | ૨૩૨ | ૧.૬ | ૧૪૮ |
| | **કુલ** | | | **૪૬.૨** | **૪૫૩૮** | | **૧૧૪.૩૬** | **૭૪૪૯** | | **૫૬૨.૮૭** | **૯૮૩૫** |

## ૧૦. પડકારો

- સ્થાનિક ડીલરો અને કંપનીઓનું શેરધારકો સાથે ઈનપુટ ખરીદ-વેચાણ.
- વાતાવરણ ફેરફાર જેમકે,- અનિયમિત વરસાદ, રોગ-જીવાતનો ઉપદ્રવ જેના કારણે ધંધાકીય અને ઉત્પાદનના આયોજનમાં મુશ્કેલી આવે છે.
- સ્થાનિક ખેતી-દવા-બિયારણ. ખેતી વેચાણકર્તાઓ વચ્ચે સ્પર્ધા.
- ખેતી, ઈનપુટ વેચાણ કાર્યના ભાવ માટે ડીસ્ટ્રીબ્યુટરનું નિયંત્રણ.
- ખેતી ઉત્પાદન ખરીદ કરવામાં કંપનીઓની નિરસતા.
- ટેકાના ભાવે ખરીદ-વેચાણ કાર્ય શક્ય છે. પરંતુ તે રાજ્ય અને કેન્દ્ર સરકાર પર આધારિત છે
- મેમ્બર અને નોન મેમ્બરોની ઉધાર ખરીદ કરવાની આદત.
- ખેડૂત કંપનીઓમાં ખેતી, દવા, બિયારણ ખેતી સાધનોના વેપારમાં ૨ થી ૪ ટકા માર્જીન મળે છે. ઓછા માર્જીન માટે વહીવટી ખર્ચ વધારે હોય છે. તેથી વેપાર સાથે વહીવટી વ્યવસ્થા માટે સહયોગની જરૂરિયાત રહે છે.
- ઘઉં, એરંડા, કપાસ, મગફળીના સામુહિક વેચાણ ખરીદ-વેચાણ માટે વિશ્વસનીય ખરીદદારોને ઓળખીને કંપની દ્વારા કરાર કરવામાં આવેલ, પરંતુ સ્થાનિક બજાર અને ઉત્પાદનમાં સાનુકૂળ રહેતા ખરીદ-વેચાણ કાર્ય ન થવું.
- આર્થિક નાણાકીય ટકાઉપણાનો અભાવ.
- મેમ્બરોના માલિકીપણાનો અભાવ.
- મોટી કામગીરીમાં નાણાનો અભાવ.
- ઊંચી અપેક્ષાઓ.

# કૃષિધન બ્રાન્ડ

# મકાઈ ભરડો

ભેળસેળ વગર

પ્રોટીનથી ભરપુર

વધુ દૂધ ઉત્પાદન

સારી તંદુરસ્તી

વધુ નફો

૨૦-૪૦-૫૦ કિગ્રામાં
ઉપલબ્ધ




**કૃષિધન સંપર્ક**

વડનગર : ૯૬૦૧૨૮૧૧૫૯
મોડાસા : ૯૬૦૧૨૮૧૪૨૫
મેઘરજ : ૭૦૪૩૨૧૫૪૩૦
હિંમતનગર : ૯૬૦૧૨૮૧૧૨૬
ધારી : ૯૬૦૧૨૮૧૧૩૯

**વેપારી પૂછપરછ આવકાર્ય**

## કંપની દ્વારા વેચાતાં ઉત્પાદનો

**બિયારણ:**
બજારમાં અગ્રેસર કંપનીઓનાં જાણીતા બિયારણ જેવાં કે કપાસ, એરંડા, રચકા, બાજરી, શાકભાજી વગેરે.

**રાસાયણિક દવાઓ:**
બજારમાં અગ્રેસર કંપનીઓની નિંદામણ નાશક, ઉધઈ નાશક, કીટનાશક, ઈયળ નાશક દવાઓ.

**વર્મી કમ્પોસ્ટ:**
ગ્રામીણ મહિલા મંડળ દ્વારા બનાવેલ અળસિયાનું ખાતર

**જૈવિક દવાઓ:**
ગૌમૂત્ર અને કુદરતી ઔષધિઓથી બનાવેલી

**ખેતી સાધનો:**
એરંડા કટર, દાતરડા, પંપ, ઘમેલાં વગેરે

**મસાલા:**
ગ્રામીણ મહિલા મંડળ દ્વારા બનાવેલ

## કંપની દ્વારા વેચાતાં કંપનીના પોતાનાં ઉત્પાદનો

**કૃષિધન :** મસાલા (રાઈ, મેથી, મરચું, જીરું, વરિયાળી, હળદર)

**કૃષિધન :** ઘઉં (ટૂકડી/ભાલીયા)

**કૃષિધન :** કઠોળ (ચણા, મગ, ચણાદાળ)

**કૃષિધન :** ઘઉં / મગફળી / ઘાસ બિયારણો

**કૃષિધન :** વર્મી કમ્પોસ્ટ

**કૃષિધન :** બાયોપેસ્ટીસાઈડ (જૈવિક દવાઓ)

**કૃષિધન :** મકાઈ ભરડો









કૃષિધન